રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ / મહિલાઓ માટેની સરકારી સંસ્થામાંની જગ્યાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-APG/10/2019/83421/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા.**/૦૧/૨૦૨૪.

વંચાણે લીધા-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૧૪/૧૦/૨૦૧૯નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૧/૦૩/૨૦૨૩નો ઠરાવ.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૨૮/૧૨/૨૦૨૩નો પત્ર નં.DSD/0402/12/2023.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૪/૧૦/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવથી સરકારી ધોરણે રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટે સંસ્થા શરૂ કરવા માટે રૂ.૧૮.૨૫ લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ-૧૩ હંગામી જગ્યાઓ ઉભી કરાયેલ હતી. અગાઉ આ ૧૩ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૧/૦૩/૨૦૨૩ના સરખા ક્રમાંકના ઠરાવથી વધારી આપવામાં આવેલ હતી. આ ૧૩ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (3) પરના તા.૨૮/૧૨/૨૦૨૩ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ / મહિલાઓ માટેની સરકારી સંસ્થામાંની કુલ-૧૩ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૪ થી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની નીચેના કોષ્ટકની વિગતે આથી મંજૂરી આપવામાં આવે છે. તા.૧૪/૧૦/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

સમાજ સુરક્ષા ખાતા હેઠળની મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટેની સંસ્થા,રાજકોટની હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલીજગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | **અધિક્ષક/ચીફ ઓફિસર** | ૩ | ૧ | ૧ | - | - | - |
| ૨ | **કેસવર્કર કમ પ્રોબેશન ઓફિસર** | ૩ | ૧ | ૧ | - | - | - |
| ૩ | **સીનીયર કલાર્ક** | ૩ | ૧ | - | ૧ | - | - |
| ૪ | **ગૃહમાતા** | ૩ | ૧ | ૧ | - | - | - |
| ૫ | **પટાવાળા** | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૬ | **રસોયા** | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૭ | **લેડી એટેન્ડન્ટ** | ૪ | ૩ | ૩ | - | - | - |
| ૮ | **સ્વીપર** | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૯ | **ચોકીદાર** | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૧૦ | **પાર્ટ ટાઇમ વીઝીટીંગ મેડીકલ ઓફિસર** | - | ૧ | ૧ | - | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | **પાર્ટ ટાઇમ મનોવૈજ્ઞાનિક /મનોચિકિત્સક** | **-** | **૧** | **૧** | **-** | **-** | **-** |
| | કુલ | | **૧૩** | **૧૨** | **૧** | **-** | **-** |

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૨૩/૦૧/૨૦૨૪ની તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૩/૦૧/૨૦૨૪ની નોંધથી ઓનલાઇન મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signed by: GAMETI PRAMESH MAGANBHAI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 29-Jan-2024 (12:22 PM)

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ. સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*